ક્લારા અને વેગન પુસ્તકાલય.

નેન્સી સ્માઈલર લેવિન્સન

ચિત્ર: કેરોલીન ક્રોલ



ક્લારા અને વેગન પુસ્તકાલય.

નેન્સી સ્માઈલર લેવિન્સન
ચિત્ર: કેરોલીન ક્રોલ



પ્રકરણ





1.
ખેતર પર

ક્લારા મેરીલેન્ડમાં


એક નાના ખેતરમાં રહેતી હતી.

એ મરઘીઓને દાણા નાખવામાં મદદ કરતી હતી.

એ ખાવાનું બનાવવામાં માઁ ને મદદ કરતી હતી.

એ નાના હાન્સ અને બેબી એનની

દેખભાળ કરવામાં મદદ કરતી હતી.



વસંતમાં એ પાપા સાથે

મકાઈની રોપણીનું કામ કરતી
હતી.



ક્લારા સ્કૂલ જતી ન હતી.

ખેતરના બાળકો માટે ત્યાં

કોઈ સ્કૂલ ન હતી.

પણ ક્લારા શીખવા ચાહતી હતી.

એ સૂરજ અને તારા વિષે

જાણવા ચાહતી હતી.

એ જાણવા ચાહતી હતી કે બીજમાંથી
મકાઇ કેવી રીતે ઉગતી હતી?

પણ સૌથી વધારે એ

વાંચવાનું શીખવા ચાહતી હતી.

એક વાર ચર્ચ પૂરું થયા પછી

રેવરન્ડ સ્ટ્રોંગે ક્લારાને


એની પારિવારિક બાઇબલ દેખાડી.

"કેટલી મોટી બાઇબલ છે!"

ક્લારાએ કહ્યું.

"અને એમાં ઘણી સરસ

વાર્તાઓ છે," રેવરન્ડ સ્ટ્રોંગે કહ્યું.



ક્લારાને વાર્તાઓ સાંભળવી


બહુ પસંદ હતી!

એને દર રવિવારે ચર્ચમાં

વાર્તાઓ સાંભળવી બહુ ગમતી હતી.



ક્યારેક એ પોતાની વાર્તા પણ
બનાવતી હતી.
થોડી જાનવરો વિષે હતી.
થોડી પરિવાર વિષે.
અને થોડી ખેતર પર એક
છોકરી વિષે હતી
જે એના જેવી જ હતી.
એ વિચારતી કે જો હું
વાર્તાઓ વાંચી શકતી હોત તો.
જો મારી પાસે પોતાની એક
વાર્તાની ચોપડી હોત તો.



પણ એના પરિવાર પાસે આ
બધી વસ્તુઓ માટે પૈસા ન હતા.
ક્યારેક ક્લારા ખેતરનું કામ
કરીને થાકી જતી હતી.
ત્યારે એ ઘાસ ઉપર સૂઇ જતી,
અથવા પાપાએ બનાવેલી
ઝૂલણ ખુરશી પર ઝૂલતી,
અને સ્વપ્ના જોતી હતી.



એક દિવસ ક્લારા, માઁ ને

પાઉંરોટી બનાવવામાં મદદ કરી રહી હતી.

"માઁ," એણે પૂછ્યું,

"ભઠ્ઠીમાં પાઉંરોટી કેવી રીતે ફૂલે છે?"



"ઓહ, બેટી," માઁ એ કહ્યું,

"હું હમણાં તને જણાવી નહીં શકું.

હું બહુ વ્યસ્ત છું."

ક્લારાએ ભઠ્ઠીનો દરવાજો ખોલ્યો

જેથી એ અંદર જોઈ શકે.



એણે

પાઉંરોટીના લોટ વિષે વિચાર્યું.

એણે વિચાર્યું કે જો પાઉંરોટી ફૂલતી રહી તો એ થોડી વાર પછી ભઠ્ઠીના

દરવાજામાં થી બહાર નહીં નીકળી જાય.

પછી ક્લારા પોતાના પર હસી.

"દરવાજો બંધ કર, ક્લારા,"

માઁ એ કહ્યું,

"નહીં તો પાઉંરોટી ફૂલશે નહીં."

"હા, માઁ," ક્લારાએ કહ્યું.

એ ઝૂલણ ખુરશી પર બેસી ગઈ.

પછી એ આગળ-પાછળ ઝૂલતી રહી, આગળ-પાછળ.



રસોડાનો દરવાજો ખુલ્યો.

એ પાપા હતા.

એ ગરમીને લીધે બહુ થાકેલા લાગતા હતા.

એના જોડામાં ધૂળ લાગેલી હતી.

"શું તું ફરી સ્વપ્ન જોઈ રહી છે?"

એણે ક્લારાને પૂછ્યું.

"હા, પાપા," એણે કહ્યું.

"ખેતર કામ કરવા માટે હોય છે,

સ્વપ્ના જોવા માટે નહીં," પાપાએ કહ્યું.


"બધાએ મદદ કરવી જોઇએ,

નહીં તો આપણી પાસે

ખાવા માટે કંઈ નહીં હોય."

"હા, પાપા," ક્લારાએ કહ્યું.





નાનો હાન્સ દોડીને રસોડામાં આવ્યો.

"ખાવાનું, ખાવાનું," એણે બૂમ પાડી.

"હજી જમવાનો સમય થયો નથી,"

માઁ એ કહ્યું.

"આવ, હાન્સ," ક્લારાએ કહ્યું.

"આપણે ટેબલ લગાવીએ.

પછી હું તને એક વાર્તા સંભળાવીશ."

"હું લાકડા કાપવા જાઉં છું,"

પાપાએ કહ્યું.

"અચ્છા," માઁ એ કહ્યું.

"એટલી વારમાં ખાવાનું પણ તૈયાર થઇ જશે."





2.
શહેરની યાત્રા

ક્લારા અને માઁ કપડાં ઘસી રહ્યા હતા.

"માઁ! ક્લારા!" પાપાએ બોલાવ્યા.

"મારે શહેર જવાનું છે.

આપણે વધારે મકાઈના બીજ જોઈશે."

માઁ એ કહ્યું, "આપણે લોટ અને સાકર પણ જોઈશે."

"શું હું તમારી સાથે આવી શકું છે?"

ક્લારાએ પૂછ્યું.

"હું મદદ કરવાનો વાયદો કરું છે."

પાપાએ સ્મિત કર્યું.

"તો પછી સાથે ચાલ," એણે કહ્યું.

ક્લારાએ પાપાને ઘોડાગાડી

જોડવામાં મદદ કરી.





શહેર બહુ દૂર હતું - લગભગ સાત
માઈલ.

"અમે સૂર્યાસ્ત સુધી પાછા આવી જશું,"

પાપાએ માઁ ને કહ્યું.

માઁ એ આવજો કહ્યું.

હાન્સે આવજો કહ્યું.

બેબી એન રોઇ પડી.

ક્લોપ, ક્લોપ, ક્લોપ.

ઘોડો ધીરે-ધીરે આગળ વધી રહ્યો હતો.

સૂરજ ગરમ હતો.

વસંતની હવાની મહેક મોહક હતી.

ક્લારા અને પાપા ત્યાં સુધી સવારી કરતા રહ્યા
જ્યાં સુધી એ એક ઝરણાં પાસે ન પહોંચ્યા.

"આ આરામ કરવા માટે

એક સારી જગ્યા લાગે છે,"


પાપાએ કહ્યું.

એમણે ગાડીને રોકી.

ક્લારા ઝરણાં તરફ ભાગી

અને એણે એના હાથોથી

સાફ, ઠંડુ પાણી પીધું.







"કેટલું સ્વાદિષ્ટ છે, પાપા,"

ક્લારાએ કહ્યું.

પાપાએ પણ પાણી પીધું

અને એના ચહેરા પર પાણીનો છંટકાવ કર્યો.

"બહુ સારું લાગી રહ્યું છે," એણે કહ્યું.

પછી પાપાએ ઘોડાને પાણી પીવડાવ્યું.

"પાપા, શું તમને ખબર છે

કે બીજું શું સારું લાગશે?"

ક્લારાએ પૂછ્યું.

"શું?" પાપાએ પૂછ્યું.

"એક પેપરમિન્ટ કેન્ડી,"


ક્લારાએ કહ્યું.

"શહેરની યાત્રા પેપરમિન્ટ કેન્ડી

વગર અધૂરી રહેશે,"

પાપાએ કહ્યું.





ક્લારા અને પાપા ફરી ગાડીમાં ચઢ્યા
અને આગળ વધ્યા.
આખરે એ શહેર પહોંચ્યા.
મિસ્ટર હોલઝરે સ્ટોર પર
એનું સ્વાગત કર્યું.

"હવામાન બહુ સારું છે,"
એણે કહ્યું.
"હા," પાપાએ કહ્યું.
"રોપણી માટે સારું હવામાન છે."

ક્લારાએ સ્ટોરમાં ચારે બાજુ જોયું.

ત્યાં સીવવાના દોરા હતા.

ખાવાનું બનાવવા માટે વાસણો હતા.

બાંધકામ માટે ઓજારો હતા.

ત્યાં ક્લારાએ પુસ્તકો જોયા.

પુસ્તકોથી ભરેલી એક અભરાઇ!

ક્લારાએ એક પુસ્તક કાઢ્યું


અને એને ખોલ્યું.

એમાં ઘણા અક્ષરો હતા.

ઘણા શબ્દો હતા.

ક્લારાને ચક્કર આવી ગયા.





"અચ્છા, અચ્છા,"

મિસ્ટર હોલઝરે કહ્યું.

"તો તું એક પુસ્તક ઉધાર લેવા ચાહે છે."

ક્લારાએ ઉપર જોયું.

"આની કિંમત કેટલી છે?"

"આની કિંમત એક પૈસો પણ નથી.

આ પુસ્તકાલયની ચોપડી છે,"

મિસ્ટર હોલઝરે કહ્યું.

"મારી દુકાન એક બુક સ્ટેશન છે."

"પુસ્તક ઉધાર લેવા

કોઈ પણ ખર્ચ નહીં થાય?"

ક્લારાએ પૂછ્યું.

"એ બરાબર છે," મિસ્ટર હોલઝરે કહ્યું.

"પુસ્તકો સાવ મફત છે."



ક્લારા પાપા પાસે દોડી.

"પાપા, જુઓ!"

"હું નિઃશુલ્ક ચોપડી ઉધાર લઈ શકું છું.

હું વાંચતા શીખી શકું છું."

પાપાએ સ્મિત ન કર્યું.

એણે એનો હાથ ક્લારાના ખભા પર મૂક્યો.

"પુસ્તકો અમીર લોકો માટે હોય છે,"

એણે કહ્યું.

"આપણા જેવા ખેડૂતો પાસે

વાંચવાનો સમય જ ક્યાં હોય છે."

પાપાએ પુસ્તક પાછું અભરાઈ પર રાખી દીધું.

ક્લારાની આંખોમાં આંસુ ઉભરાયા.







પાપાએ ક્લારાને એક

પેપરમિન્ટ સ્ટિક આપી.

"આ લે, ક્લારા," એણે કહ્યું.

"તું લગભગ તારી

પેપરમિન્ટ કેન્ડી ભૂલી જ ગઇ
હતી.

ચાલ!

હવે વેગનમાં સામાન ભરવાનો સમય થઇ
ગયો છે.

ઘરે જવાનો સમય થઇ ગયો છે."





3.
કાળું વેગન

એક ઉનાળાના દિવસે

ક્લારા અને પાપા બગીચામાં

નીંદણ કાઢી રહ્યા હતા.

"ક્લારા!" માઁ એ બૂમ પાડી.

"હું બ્લુબેરી જેમ બનાવવા જઇ રહી છું.

શું તું બ્લુબેરી તોડવા ચાહીશ?"

"ઓહ, હા," ક્લારાએ કહ્યું.

એણે પાપા તરફ જોયું.

પાપાએ સ્મિત કર્યું.

"તું બહુ દિવસથી

નીંદણ કાઢી રહી છે," એણે કહ્યું.

"હવે એ કામ હું પૂરું કરીશ."





ક્લારાએ બાલદી લીધી

અને જંગલી બ્લુબેરી

ના ખેતર તરફ દોડી.

એ બ્લુબેરી તોડતા ગાતી રહી.

અચાનક એણે સડક પર

કંઈક આવતા જોયું.

એ એક મોટી, કાળી ગાડી હતી.

એ વેગનને

બે ઘોડા ખેંચી રહ્યા હતા.



એને એક મહિલા ચલાવી રહી હતી.

એણે હાથ હલાવ્યો અને ઉભી રહી.

ક્લારાએ ગાડીને તાકીને જોઈ.

વેગન પુસ્તકોથી ભરેલું હતું.

"હેલો," મહિલાએ કહ્યું.

"હું મિસ મેરી, લાઈબ્રેરિયન છું.

અને તું કોણ છે?"

ક્લારાએ મિસ મેરીને

એનું નામ જણાવ્યું.

"શું તમે શહેરથી આટલે દૂર

ગાડી ચલાવીને આવ્યા છો?" ક્લારાએ
પૂછ્યું.

"હા," મિસ મેરીએ કહ્યું.

"શું તને અમારી નવી

ચાલતી-ફરતી લાઈબ્રેરી પસંદ આવી?"

"જી હા," ક્લારાએ કહ્યું.

"મને ખબર ન હતી

કે દુનિયામાં આટલા બધા પુસ્તકો હોય
છે."

મિસ મેરીએ કહ્યું,

"અમારી પાસે યુવાનો માટે પુસ્તકો છે.

અમારી પાસે વયસ્કો માટે પુસ્તકો છે.

અને અમારી પાસે

અન્ય લોકો માટે પણ પુસ્તકો છે."





"શું તમારી પાસે
મારા જેવી છોકરી માટે
કોઈ પુસ્તક હશે?"
ક્લારાએ પૂછ્યું.
"હા," મિસ મેરીએ કહ્યું.
"અમારી પાસે મદર ગૂસ
અને ફાધર ગૂસ છે.
અમારી પાસે ધ વિઝાર્ડ ઓફ ઓઝ છે
અને બધી જાદુઈ ઓઝ ની વાર્તાઓ છે.
અમારી પાસે ધ રેબિટ વિચ
અને પીટર પેન છે
અને બધા પ્રકારની કવિતાઓ છે."
ક્લારા બહુ મુશ્કેલીથી
કંઈ બોલી શકી.

"શું તું કોઈ ચોપડી ઉધાર
લેવા ચાહીશ?" મિસ મેરીએ પૂછ્યું.
"તું એને આગામી વેગન યાત્રા સુધી
રાખી શકે છે."
"કાશ કે હું એવું કરી શકું,"
ક્લારાએ કહ્યું.
"પણ પાપા કહે છે કે
પુસ્તકો વાંચવા, ખેતરમાં મહેનત
કરવાવાળા લોકો માટે
સમયની બરબાદી છે."





"બકવાસ," મિસ મેરીએ કહ્યું.
"આપણે તારા પાપા સાથે
વાત કરીયે. આવ વેગનમાં ચઢી
જા."
ક્લારા જલ્દીથી
પુસ્તકોવાળી ગાડીમાં ચઢી ગઇ.





4.
ક્લારા માટે પુસ્તકો

ગીડીયપ! ગીડીયપ!

મિસ મેરી ઘોડાને આગળ લઈ ગયા.

બમ્પ! બમ્પ! બમ્પ!

વેગન ધૂળિયા રસ્તા પર આગળ વધ્યું.

કેટલું અદ્ભૂત!

ક્લારાએ વિચાર્યું.

હું એક પુસ્તકોના વેગન પર
સવાર છું.

હું એક પુસ્તકોના વેગન પર
સવાર થઈને

ઘરે જઇ રહી છું.

પાપા શું વિચારશે!

બમ્પ! બમ્પ! બમ્પ!

એ બગીચા સુધી પહોંચી ગયા.

પાપા ગુસ્સામાં હતા.

"તમે ભૂલ કરી છે,"

એણે બૂમ પાડતા કહ્યું.

"અમારે ત્યાં કોઈ મૃત વ્યક્તિ નથી."

"આ મૃત લોકોને લઈ જવા માટેની


મડદાગાડી નથી,"

મિસ મેરીએ કહ્યું.

"હું મેરી ટીટકોમ્બ છું, લાઈબ્રેરિયન.

અને આ પહેલી ચાલતી-ફરતી

લાઈબ્રેરી છે."







પાપાએ ભવાં ચઢાવ્યા.

"હું એ લોકો માટે પુસ્તકો લાવું છું

જે દૂર ગ્રામ્ય વિસ્તારમાં રહે છે,"

મિસ મેરીએ કહ્યું.

"હમ્ફ," પાપાએ કહ્યું.

"અમારું ખેતર, એક પુસ્તકોવાળી

ગાડી માટે બરાબર નથી."

"આ બૂક વેગન બધા ખેતરો માટે છે,"

મિસ મેરીએ પાપાને કહ્યું.

"આ પુસ્તકો બધા માટે છે."

"અમે અહીં બહુ વ્યસ્ત છીએ,"

પાપાએ કહ્યું.

"આભાર અને શુભ દિવસ."

"મહેનત કરવાવાળા લોકોએ ક્યારેક
આરામ પણ કરવો જોઇએ,"
મિસ મેરીએ કહ્યું.
"વાંચવું બહુ મજેદાર હોય છે.
વાંચવાથી તમને તમારા કામ વિષે
નવી વસ્તુઓ પણ શીખી શકો છે."
ક્લારા પાપા પાસે દોડી.
"મહેરબાની કરો, પાપા," એણે કહ્યું.
પાપાએ મિસ મેરી તરફ જોયું.
"મને ખબર છે કે ક્લારાને એક
ચોપડી જોઇએ છે," એણે કહ્યું.
"પણ એને વાંચતા નથી આવડતું."





"જો ક્લારા વાંચવા ચાહે છે,"

મિસ મેરીએ કહ્યું,

"તો એ જલ્દી શીખી જશે."

પાપાએ એનું માથું નીચે નમાવ્યું.

"ઠીક છે, હું...માઁ અને હું...

અમે પણ બહુ ઓછું વાંચી શકીયે છીએ,"

પાપાએ કહ્યું.



"હું ક્લારાને શીખવાડી શકું છું,"

મિસ મેરીએ કહ્યું.

ક્લારાએ પાપાની બાંય ખેંચી.

"પ્લીઝ, પાપા," એણે કહ્યું.

"હું ત્યાં સુધી ચોપડી નહીં વાંચું,

જ્યાં સુધી મારા બધા કામ

પૂરા નથી થઇ જતા."

ક્લારાએ પાપાના

જવાબની રાહ જોઇ.

આખરે પાપાએ કહ્યું,

"મને ખબર છે કે તું

તારો વાયદો જરૂર નિભાવીશ."

"હા, હા, હા," ક્લારાએ કહ્યું.


પાપાએ નિસાસો નાખ્યો.

"સારું, ક્લારા.

તું એક ચોપડી ઉધાર લઈ શકે છે."

"ઓહ! આભાર, પાપા!" ક્લારાએ બૂમ પાડી.

ક્લારા બૂક વેગન તરફ દોડી.



"મિસ મેરી, શું તમે પુસ્તક

પસંદ કરવામાં મારી મદદ કરશો?" એણે પૂછ્યું.

"જરૂર," મિસ મેરીએ કહ્યું.

"શરુ કરવા માટે અહીં

એક વર્ણમાળાની સરળ ચોપડી છે.

અને પરીઓની વાર્તાઓવાળું

એક સચિત્ર પુસ્તક છે.

હું તને બતાવીશ

કે અક્ષરોના ઉચ્ચારણ કેવી રીતે કરાય છે."

ક્લારાએ વર્ણમાળાનું પુસ્તક જોયું.

એણે પરીઓની વાર્તાઓવાળું

પુસ્તક જોયું.

"મને વાર્તાઓ જોઈએ," એણે કહ્યું.

"મને વાંચવા માટે વાર્તાઓ જોઈએ!"



આ વાર્તા દેશની પહેલી ચાલતી-ફરતી "બુક

વેગન" ની સાચી વાર્તા પર આધારિત છે. મેરી લેમીસ્ટ ટિટકોમ્બ, હેગર્સટાઉન, મેરીલેન્ડ પબ્લીક લાઈબ્રેરીની પ્રમુખ બની. થોડા સમયમાં, એણે શહેરથી દૂર રહેતા લોકો માટે પુસ્તકો ઉપલબ્ધ કરાવવાનો ફેંસલો કર્યો. સૌથી પહેલા, એણે આખા કાઉન્ટી ક્ષેત્રમાં સામાન્ય દુકાનો, ચર્ચો અને ઘરોમાં નાના "પુસ્તક ડિપોઝીટ સ્ટેશન" સ્થાપિત કર્યા. 1905 માં એણે એક ઘોડાગાડી તૈયાર કરી જે સેંકડો પુસ્તકોને લઈ જઈ શકતી હતી. લાઈબ્રેરીના ચોકીદાર, જોશુઆ થોમસ, બુક-વેગનના ડ્રાઈવર બની ગયા. એ નિયમિત રૂપ થી 500 વર્ગ માઈલ ના બેક-રોડ પ્રદેશમાં ફરતા હતા. પહેલી "બુકમોબાઈલ" પાંચ વર્ષો સુધી ચાલી, પણ એક રેલરોડ ક્રોસિંગ પર ટ્રેન સાથે ટકરાવાથી એ ધ્વસ્ત થઈ ગઈ. સૌભાગ્યથી ડ્રાઈવર અને ઘોડાને કંઈ વાગ્યું નહીં. 1912 માં જયારે એક નવી બુકમોબાઇલ બની, ત્યારે એને ખેંચવા માટે ઘોડાની જરૂરત ન પડી. મેરીલેન્ડની બીજી ચાલતી-ફરતી લાઈબ્રેરીમાં એક એન્જીન લાગેલું હતું!